# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ચપટી વાગતાની સાથે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

ભૂજમાં સુંદરજીભાઈ સુથારના મિત્ર રવજીભાઈ વૈદ્ય સત્સંગી સારા. મૂળ વતની કાળા તળાવના. પરંતુ પોતાનો ધંધો, બિઝનેસ સારા ચલાવવા હોય તો શહેરમાં જવું પડે, એટલે ભુજ ગયેલા. શ્રીજી મહારાજે એને ઐશ્વર્ય આપ્યું. સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે તું ઈચ્છીશ તેને સમાધિ થશે. અને વૈદ્યરાજ તમારી ઈચ્છા પ્રમાણે એ જીવ જમપુરીમાં કે વૈકુંઠમાં કે સ્વર્ગમાં જશે એ દ્વારા તમે મુમુક્ષુઓને સત્સંગ કરાવજો. પણ સાવધાન રહેજો. અત્યંત નાસ્તિક અને પાપીના હૃદયમાં પ્રવેશ કરતા નહીં. અને તમારામાં જે ઐશ્વર્ય છે એને જોઈને મુમુક્ષુજનો તમને બોલાવશે, ઘેર પધરામણીઓ ને પૂજા કરશે, ભારે ભારે ભોજન જમાડશે એ સ્વીકારતા નહીં. સારૂં મહારાજ ! વૈદ્યરાજે હા પાડી. તમારી આજ્ઞાનું હું અવશ્ય પાલન કરીશ. સ્વામિનારાયણ ભગવાન ભૂજથી જવાની તૈયારી કરે છે.

હવે રવજીભાઈ ભૂજમાં તેમજ ભૂજ નજીકના ગામડામાં તથા પોતાના વતનમાંય આંટો મારી આવ્યા. સૌને ઐશ્વર્ય બતાવે, સમાધિ કરાવે. માણસો તો એમને માનવા માંડ્યા. જગતના જીવને તો ચમત્કાર જોઈએ છે, વાસ્તવિકતા જોઈતી નથી. કોઈ પ્રભાવ, ચમત્કાર બતાવે તો ત્યાં નમસ્કાર કરવા બધીયે દુનિયા તૈયાર થાય. રવજીભાઈ સમાધિ કરાવે, માણસો માનવા માંડ્યા...... ઓહોહો.... રવજીભાઈ તમે તો સિધ્ધ થઈ આવ્યા. આવી બધી સિદ્ધિ તમને ક્યાંથી મળી ?

અને રવજીભાઈ કોઈને સમાધિમાં વૈકુંઠ બતાવે, કોઈને સ્વર્ગ બતાવે, કોઈ અવળો ચાલતો હોય તો જમપુરી બતાવે. માણસો રવજીભાઈની પૂજા કરવા ઉતરી પડ્યા. પડાપડી થવા માંડી. કોઈ ચંદન ચોપડે, કોઈ હાર ચડાવે, કોઈ નૈવેદ્ય ધરાવે. સવારનો સમય થાય ને રવજીભાઈ જ્યાં રેશમના ઓછાડવાળા ગાદલા ઉપર વિરાજતા હોય ત્યાં માણસો દૂધના કટોરા ભરી ભરીને લાવે. તમે એમ ના સમજતા કે આ કોથળીનું દૂધ આવે, બરફમાં રાખેલું ટાઢું એવું નહી. ગાયોનું દોહયેલું તાજુ દૂધ, મોળુ મોળુ નહી લાવવાનું. એને તો બરાબર ઉકાળવાનું. એમાં શું નાંખવાનું સાંભળજો. સાંભળીને તમે ટાઢા ના થઈ જતા. એ દૂધ ધીમાં તાપે ઉકળે. એમાં બદામ નાંખવાની, પીસ્તા નાંખવાના, ચારોળી તો હોય જ અને એલાયચી વગર તો ચાલે જ નહીં. થોડું કેસર ઉમેરવાનું અને એવું ઉકાળેલું દૂધ રવજીભાઈની આગળ કટોરા ભરીને મુકાતું.

બપોર થાય એટલે ઘેર પધારે, મોટા હીરકોરી ધોતીયા પહેરે. ભક્તને ઘેર જાય ને માણસો એવા ભાવથી જમાડે. કોઈએ માલપુઆ કર્યા હોય, કોઈએ સાટા બનાવ્યા હોય, કોઈએ વળી અગલ-બગલમાં કોઈ કારીગરની સેવા લઈને જલેબી બનાવી હોય. રવજીભાઈ આરોગે. ભોજયને ભક્ષ્યને શાક તથા લવીંગ અને તજથી વધારેલા ઘી નો દોરો દીધેલો ભાત વગેરે જમીને આરામ કરે.

ચાર વાગે એટલે જાણે ક્યાંય જોવા ન મળે એવા મેવાને મીઠાઈ આવે, કેવા કેવા ફળફળાદી આવે. સાંજે પાપડને માખણ ને ખીચડી ને ચટણી ને ભજીયાને મેથીના ગોટા આવું બધું આવવા માંડે. રવજીભાઈ તો પૂજાવા જ માંડ્યા. ધ્યેય ભૂલાઈ ગયું. સમજવાની વાત એટલી છે કે માણસ જ્યારે ધ્યેય ભૂલે છે ત્યારે કફોડી હાલત થાય છે.

એક ભાઈ રસ્તે ચાલતા દોડતા જતા હતા, હાથમાં થેલી. કોઈ એના ઓળખીતા એ પૂછ્યું, કઈ બાજુ જાઓ છો ? હજુ નક્કી નથી કર્યું. તો દોડાદોડ જાઓ છો ને ? જોઈએ હવે જે રસ્તો ખાલી હશે એ રસ્તે વળી જઈશું. આ તો ગાંડો થઈ ગયો લાગે છે. કોઈ પણ માણસ ઘેરથી નીકળે તો એનું એક ધ્યેય હોય છે કે ક્યાં જવાનું. આ રવજીભાઈ ધ્યેય ભૂલી ગયા. સ્વામિનારાયણ ભગવાને મને ઐશ્વર્ય આપ્યું છે એ શા માટે આપ્યું ? સ્વામિનારાયણ ભગવાનનું કાર્ય ભૂલીને જો વ્યક્તિ પોતાની રીતે જ આગળ વધે તો એ ધ્યેય ભૂલે છે. સજ્જનો વાત બહુ વિચારીને વાંચજો. આપણે બધાય સ્વયં સેવકો છીએ. જેનાથી જેટલું થઈ શકે એટલું સ્વામિનારાયણ ભગવાનનું કામ કરવાનું છે. નાનામાં નાનો પટાવાળો હોય, કલાર્ક હોય કે ઓફિસર હોય એ બધાયે પોતાની ફરજ તો પાળવાની હોય છે. એમણે દરેકે સરકારનું કામ કરવાનું. એમ આપણે એક પટાવાળા જેવા સત્સંગી હોઈએ કે હેડકલાર્ક હોઈએ કે અધિકારી કક્ષાના હોઈએ પણ આપણે સેવા તો સ્વામિનારાયણ ભગવાનની કરવાની છે. એ જ આપણું

ધ્યેય. પરમાત્માને ભૂલીને માણસ જ્યારે પોતાની જાતને હું કાંઈક છું એમ માની લે ત્યાં મોટી ભૂલ થાય છે. રવજીભાઈએ બહુ મોટી ભૂલ કરી. જાણે પોતાનો પંથ જ ચલાવવા માંડ્યા. સ્વામિનારાયણ ભગવાન જાણતા હતા. અંતર્યામી હતા. પણ પ્રભુએ રાહ જોઈ કે કોઈ સત્સંગીમાં જાગરૂપકતા છે કે નહી ? જ્યારે આવું થવા માંડે તો કોઈ સત્સંગીએ જાગવું તો જોઈએને ! અને સુંદરજીભાઈ જ જાગ્યા.

રવજીભાઈની આવી વિપરિત સ્થિતિ જોઈને સુંદરજીભાઈ જાગ્યા. સ્વામિનારાયણ ભગવાનને ફરિયાદ પહોંચાડી. મહારાજ ! આ રવજીને તમે ઐશ્વર્ય આપ્યું પણ એ તમારૂં કામ નથી કરતો પોતાનું કામ કરે છે. વાહ વાહ ..... પોતાની બોલાવે છે, પોતાની જય બોલાવરાવવા મંડી ગયો છે. તમને (ભગવાનને) તો ભૂલી જ ગયો છે. શ્રીજી મહારાજને એમ થયું, હાશ..... એક સત્સંગી જાગ્યા તો ખરા. જાગૃતતા છે તો ખરી. અને શ્રીજી મહારાજે ચપટી વગાડી એટલે રવજીભાઈનો ફ્યુઝ ઉડી ગયો. કોઈ માણસને બેસાડીને કહે કે જો તને હું સમાધિ કરાવું છું. પણ કાંઈ ન થયું. ફ્યુઝ ઉડી ગયા પછી ગમે તેટલી ચાંપો પાડો, પંખો ચાલું જ ન થાય. રવજીભાઈ ખૂબ આકુળ વ્યાકુળ થયા, સામે બેઠેલ માણસને સમાધિ થઈ નહી. ધીમે ધીમે માણસો જાણતા થઈ ગયા કે હવે આ રવજીમાં કાંઈ રહ્યું નથી. એક ચપટીમાં સિધ્ધિ ચાલી ગઈ. જો સાવધાન નહિ રહો તો, પાટો ચૂકશો તો, આજ્ઞા લોપશો તો ભગવાનની કૃપા અને આશીર્વાદ આ રીતે ચાલ્યા જશે.

આ વાત વાંચીને ખૂબ વિચારજો. ફક્ત રવજીભાઈ પુરતી નથી. આપણા જીવન સાથે સરખાવજો તો ખ્યાલ આવશે કે આપણી ભૂલ ક્યાં થાય છે. આપણે પણ રવજીભાઈની જેમ ધ્યેય ભૂલતા નથી ને ? સાવધાન !!!! ચેતી જજો નહીંતર આટલી જ વાર લાગશે. કેટલી ? ફક્ત એક ચપટી જેટલી જ .......

●

### જાગો ભાઈ જાગો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

પ્રબોધિની એકાદશીના દિવસે પ્રભુએ નિંદ્રાનો ત્યાગ કરી દેવોને દર્શન આપ્યાં. પ્રભુના દર્શન થવાથી દેવતાઓને અવર્ણનીય આનંદ થયો. માટે એ દિવસ દેવદિવાળી.

એકાદશીથી પૂર્ણિમા સુધીના પાંચ દિવસોમાં ભગવાનનું પૂજન-દર્શન કર્યું અને એ પછી પ્રભુની આજ્ઞા લઈ બધા દેવો પોતાના કાર્યમાં વ્યવસ્થિત બની ગયા.

દરેક પર્વોની પાછળ કોઈ ઉચ્ચ રહસ્ય અથવા ઉદ્દાત ભાવના હોય છે જ. આ દેવદિવાળીની બાબતમાં પણ એવા જ કોઈ રહસ્યનો વિચાર કરી મહર્ષિઓએ આ પર્વ ઉજવવાનું મનુષ્યોને કહ્યું. અને ભગવદ્ ભક્તો માટે તો ખાસ.

બધી આજ્ઞાઓની જેમ આ આજ્ઞા પણ શ્રધ્ધાપૂર્વક સ્વીકારાઈ ગઈ. તે દિવસોમાં મોટા ઉત્સવો અને સમૈયાઓ યોજાઈ ગયા. મંદિરોમાં પ્રતિમાની આગળ આખી રાત્રિ ઉત્સવો થવા લાગ્યા. શેરડી મૂળા, રીંગણાની ગોઠવણી કરી આરતીઓ ઉતરવા લાગી.

આ પ્રમાણે બધા ઉત્સવોની જેમ આ ઉત્સવ પણ ઉજાવા લાગ્યો. પણ એનો વિશિષ્ટ હેતુ કોઈએ લક્ષ્યમાં લીધો નહિ. આજથી ભગવાનને નિંદ્રાનો ત્યાગ કર્યો પણ માનવો ક્યારે જાગશે ? માનવને જગાડવા - સૂતેલા આત્માને પ્રબોધવા એક પ્રબોધિનીના દિવસે એક ભક્તે કેવો પ્રયત્ન કર્યો હતો. તે જાણવા અને દેવ દિવાળીનું રહસ્ય સમજવા એ વાતને દ્રષ્ટાંત રૂપે વાંચીએ.

કાશીથી થોડે દૂરના એક ગામડામાં એક વૃદ્ધ બ્રાહ્મણ રહેતા હતા. તે ધર્મચુસ્ત અને પુરા કર્મકાંડી હતા. શારીરિક લક્ષણોથી તેમણે જાણી લીધું કે હવે મારું આયુષ્ય અલ્પ છે. માટે જલ્દી કાશીવાસ સ્વીકારૂં ને કાશીમાં શરીર પાત થાય તો ઉત્તમ મોક્ષ મળે.

એમના પુત્રો તેમને પાલખીમાં બેસાડી કાશીના માર્ગે ચાલ્યા. રસ્તામાં ખૂબ તરસ લાગી. બીજે ક્યાંયથી પાણી ન મળતાં ગમે તેવું પાણી લાવી બ્રાહ્મણને પાયું. તૃષા શમી ગઈને ત્યાં જ શરીર પડી ગયું. આત્મા ચાલ્યો ગયો.

અપવિત્ર વ્યક્તિના હાથનું અપવિત્ર પાણી પીવાથી સદ્‌ગતિ ન થઈ પણ 'ય યં ચાપિ સ્મરન્ ભાવં ત્યજયન્તે કલેવરં...' એ ન્યાયે અંતકાળે કાશી રહેવાના સંકલ્પો ચાલું હતા તેથી કાશીમાં વસતા એક હરિજનને ત્યાં એમનો જન્મ થયો. પૂર્વનાં પુણ્ય બળે ગતજન્મનું સ્મરણ રહ્યું.

એમના પિતા કાશી નગરીમાં દાંડી પીટવાનું કામ કરતા. દરરોજ રાતે સૂની શેરીઓ અને ગલીઓમાં જઈ દાંડી બજાવીને 'જાગતા સૂજો.' એવી બૂમો પાડવાની આ એમનું નિત્યનું કર્મ હતું.

વખત જતાં વાર લાગતી નથી. યુવાન પુત્રને શું કામ સોંપવુ તેની ચિંતામાં તે હતો તેવામાં બે દિવસ માટે બહાર ગામ જવાનું થયું. દાંડી પીટવાનું કામ પુત્રને સોંપી તે બહારગામ ગયો.

પૂર્વનો ધાર્મિક અને સંસ્કારી એ યુવાન સાંજ પડતાં મોટો ઢોલ અને દાંડી લઈને ફરજ પર હાજર થઈ ગયો.

રાત્રિ પડી સૌ કોઈ નિદ્રામાં લીન બની ગયું. ત્યારે હાથમાં ઢોલ દાંડી લઈને વિચારે છે કે રાત્રિના સમયમાં લોકોને જાગૃત રાખવાનું શું પ્રયોજન ? એમના માલ-મિલ્કતની સલામતી માટે અરેરે ! નાશવંત વસ્તુનાં રક્ષણ શાં ? નાશવંતનું રક્ષણ કરવામાં ભય છે. મેળવીને ઘરમાં રાખવામાંય ભય. મેળવવામાં પણ ભય અને છેવટે વાપરતાં પણ ભય. આવી ભયગ્રસ્ત વસ્તુની પાછળ આવા નકામા પ્રયત્ન શા માટે કરવા. સુખપ્રદ અને શાશ્વત વસ્તુના રક્ષણ માટે પ્રયત્ન કરવો યોગ્ય ગણાય. માટે આજ તો એવી દાંડી બજાવું કે માણસો પોતાની અમૂલ્ય દિવ્ય સંપત્તિનું રક્ષણ કરવા પ્રેરાય. આવો વિચાર કરી એમણે જોરથી દાંડી પીટી અને મેઘગર્જના જેવો અવાજ કાઢ્યો કે -

काम क्रोधो लोभ मोहो, देहे तिष्ठन्ति तत्सकराः ।

शानरत्ना पहाराय तस्मात् जागृहि जागृहि ॥

આ શું ! સૂતેલાં માણસો આ અવાજ સાંભળીને આશ્ચર્ય પામ્યાં. આજે કોણે દાંડી પીટી ! અહો ! કેવો સુંદર ઉપદેશ અને ત્યાં તો ફરીથી અવાજ આવ્યો કે,

ऐश्वर्य स्वप्न सदशं यौवनं कुसुमोपभम्।

क्षणिकं चल आयुष्यं तस्मात् जागृहि जागृहि ॥

जन्म दुःखं जरादुःखं जायादुःखं पुनः पुनः ।

अन्तकाले महादुःखं तस्मात् जागृहि जागृहि ॥

आशायां बध्यते लोकः कर्मणा परिबध्यते।

आयुःक्षेयं न जानाति तस्मात् जागृहि जागृहि ॥

શેરીઓ અને ગલીઓમાં ફરી ફરીને આવી રીતે જ દાંડી-પોકાર કર્યો. શાંત રાત્રિમાં આ અવાજ હૃદય સુધી પહોંચ્યો. કેટકેટલાય સત્ય-અસત્ય, નાશવંત દિવ્ય ભક્તિ અને વૈરાગ્યની બાબતો વિચારતા થયા. ખુદ કાશીરાજને પણ આ શબ્દોની અસર થઈ. એમની રાજ્ય લાલસા ઉપર જાણે પ્રહારો થયા હતા.

બીજા દિવસે રાજાનો હુકમ થવાથી સિપાઈઓએ દાંડી પીટનાર હરિજનના પુત્રને પકડી લાવી રાજાની આગળ ખડો કર્યો. ઉચિત-આવકાર આપ્યા પછી રાજાએ પૂછ્યું કે આવી રીતે બોલીને દાંડી પીટવાનું શું કારણ ?

છોકરાએ કહ્યું “હે રાજન મારા પિતા બહાર ગયા છે અને આ કામ સોંપી ગયા છે. સદ્‌ભાગ્યે ગઈકાલે પ્રબોધિનીનો દિવસ હતો. દેવદિવાળી હતી. આત્મા બ્રહ્મ છે. દિવ્ય છે. એમને મોહ નિંદ્રામાંથી જાગ્રત કરવો એનું નામ દેવદિવાળી છે રાજન ! મને વિચાર થયો શારિરીક નિંદ્રા એ નિંદ્રા નથી. પણ મોહ એજ નિંદ્રા છે. તેમાં જીવ લીન બને છે. ત્યારે કામ ક્રોધાદિક ચોરટાઓ આત્માનું સાચું દ્રવ્ય શાશ્વત સંપત્તિ જે જ્ઞાન વૈરાગ્યાદિક તેને લૂંટી જાય છે. મોહ નિંદ્રામાં પડેલો માણસ જાગતાં છતાં ઉંઘે છે. તેવો માણસ પોતાનું હિત-અહિત જોઈ શકતો નથી તે મિત્રોને તરછોડે છે અને શત્રુઓને સન્માને છે. તે ધર્મ રૂપ સુવર્ણને ફેંકી દઈને અધર્મરૂપ કચરો ઘરમાં (હૃદયમાં) ઘાલે છે. સત્સંગરૂપ અમૃતનો ત્યાગ કરીને કુસંગરૂપ ઝેરનું પાન કરે છે. પરિણામે તેવો (મોહ વશ બનેલો) માનવી મોક્ષરૂપ જીવનથી રહિત બનીને નરકરૂપ મૃત્યુનો ભોગ બની જાય છે.

હે રાજન ! આજે પ્રબોધિનીના પવિત્ર દિવસે માણસોને અજ્ઞાનથી મોહથી જાગૃત કરવાના શુભાશયથી હું એવી રીતે બોલ્યો હતો. મારી વાણી સાંભળીને કોઈ અધર્મથી પાછા વળશે વિષયની લાલસાને અંકુશમાં રાખશે તો તેઓને માટે આ દેવદિવાળી સાર્થક ગણાશે.

હરિજનના છોકરાનાં વાક્યો સાંભળી કાશીરાજ પણ વિચારમાં પડી જાય છે કે હું તો મોહનિંદ્રામાં સપડાયેલો જ છું. ખરેખર આજે આ છોકરાએ મને જગાડ્યો છે.

મિત્રો ! આપણે ભાગ્યશાળી છીએ. કેમ કે આપણને તો સ્વામિનારાયણ ભગવાનના સંતોએ જગાડેલાજ છે. જ્યારથી આ સત્સંગ મળ્યો ત્યારથી આપણા મોક્ષની ચિંતા સ્વામિનારાયણ ભગવાને કરી છે. આપણે ધ્યાન એટલું રાખવાનું કે જીંદગીની ગાડી પાટા ઉપરથી ઉતરી ન જાય.